# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

તા.૧૨/૧૦/૨૦૨૩

ક્રમાંક:-RMSA/કલા ઉત્સવ/૨૦૨૩/૧૭૯૧૭-૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,તમામ,
(RMSA, KGBB, ગ્રાન્ટેડ,મોડેલ,ખાનગી)
જિ.સુરત

વિષય:-કલા ઉત્સવ-૨૦૨૩-૨૪ જિલ્લા કક્ષાની સ્પર્ધાની એંટ્રી મોકલી આપવા બાબત.
સંદર્ભ:-એસએસ/QEM/ કલા ઉત્સવ/૨૦૨૩/૪૫૬૮૨-૭૪૮ તા.૨૯/૯/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,કલા ઉત્સવ-૨૦૨૩-૨૪ જિલ્લા કક્ષાએ

(૧) કંઠ્ય સંગીત,( શાસ્ત્રીય )
(૨) કંઠ્ય સંગીત,( પરંપરાગત શૈલી )
(૩) વાદ્ય સંગીત, ( અવનધ્ય )
(૪) વાદ્ય સંગીત,- ( સ્વર વાદ્ય ( તાર,/તંતુ,સુષીર )
(૫) નૃત્ય સંગીત, ( શાસ્ત્રીય )
(૬) નૃત્ય સંગીત, ( પરંપરાગત )
(૭) વિઝ્યુઅલ આર્ટ ( દ્વિ પરિમાણીય 2D )
(૮) વિઝ્યુઅલ આર્ટ ( ત્રી પરિમાણીય 3D )
(૯) દેશી રમકડા અને રમતો,
(૧૦) નાટક ( એક પાત્રીય અભિનય )

વગેરે જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન શ્રી ગુરૂકૃપા વિદ્યાસંકુલ પોસ્ટલ સોસાયટી ની પાછળ,ઉધના ગામ, ઉધના, તા-૨૦/૧૦/૨૦૨૩ રોજ સવારે ૦૯:૦૦ કલાકે થવાનું હોય આ સંદર્ભદર્શિત પત્રનો આપની કક્ષાએથી સંપૂર્ણ અભ્યાસ કરી સુચના અનુસાર ઉકત સ્પર્ધાના ૧-કુમાર ૧-કન્યાના નામની એન્ટ્રી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીમાં જોષી જીતેન્દ્રભાઈને હાર્ડકોપી તા- ૧૮/૧૦/૨૦૨૩ સુધીમાં મોકલી આપવી.

<u>બિડાણ</u>:- (૧) સંદર્ભદર્શિત પત્ર
(૨) એન્ટ્રી મોકલવાનો નમુનો

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

સવિનય નકલ રવાના જાણ સારૂ:-

(૧) પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી,સેક્ટર-૧૭, ગાંધીનગર
(૨) માનનીય પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત
(૩) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,સુરત

નકલ રવાના જાણ અને કાર્યવાહી અર્થે :-

(૧) પ્રતિ ,આચાર્યશ્રી શ્રી ગુરૂકૃપા વિદ્યાસંકુલ પોસ્ટલ સોસાયટી ની પાછળ,ઉધના ગામ, ઉધના,
(સુચારુ વ્યવસ્થા અને આયોજન કરવા સારૂં)

નકલ રવાના જાણ:-

(૧) એકાઉન્ટ ઓફીસરશ્રી / T.T શ્રી સમગ્ર શિક્ષા,સમગ્ર શિક્ષાની કચેરી,નાનપુરા – સુરત તથા SMC, સમગ્ર શિક્ષાની કચેરી,સુરત (સંદર્ભ દર્શિત પત્ર અનુસાર તમામ)
(૨) નોડલ ઓફિસરશ્રી,એજ્યુકેશન ઇન્સ્પેક્ટર (EI) તમામ, જિલ્લા શિક્ષણાધીકારી કચેરી, સુરત
(૩) પ્રતિ BRC / URC / BRP/ CRC (શાળાઓને જાણ કરવાં સારૂં)

# કલા ઉત્સવ -૨૦૨૩-૨૪ એન્ટ્રી મોકલવાનો નમુનો

| ક્રમ | વિદ્યાર્થી નું નામ | ધોરણ | કુમાર/કન્યા | કૃતિ નો પ્રકાર | શાળાનું નામ | શાળાનો પ્રકાર | જવાબદાર આચાર્યશ્રી/શિક્ષકનું નામ અને મોબઈલ નંબર | વિદ્યાર્થી નો બેંક એકાઉન્ટ અને IFSC CODE / મોબઈલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| ૧ | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| ૩ | | | | | | | | |
| ૪ | | | | | | | | |
| ૫ | | | | | | | | |
| ૬ | | | | | | | | |
| ૭ | | | | | | | | |
| ૮ | | | | | | | | |

નોંધ :-

(૧) માંગેલ નમુના મુજબ જ સંપૂણ માહિતી ભરીને મોકલવી. અપૂતર્ત્તા રાખવી નહિ.

(૨) ચાલુ વર્ષના નેશનલ લેવલના કલા ઉત્સવમાં અગાઉના વર્ષના (પેહલો ,બીજો ,ત્રીજો નંબર ) વિજેતાને સામેલ કરવાના નથી.

(3) પૂછ પરછ માટે મોબઈલ નંબર :- ૯૧૦૬૩ ૬૮૪૬૬ ( જીતેન્દ્રભાઈ ) તા-૨૦/૧૦/૨૦૨૩ સુધી કોઈ શાળા કે વિદ્યાર્થી જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં ભાગ લય શકશે પણ ઉપરોક્ત નંબર પર જાણ કરવી જરૂરી છે.

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેક્ટર - ૧૭, ગાંધીનગર
વેબસાઈટ : www.ssagujarat.org
ઈ-મેલ : qem-gcsess@gujarat.gov.in

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT
વાની સાક્ષરતા અને અંક જ્ઞાન

પત્રક્રમાંક : એસએસ/QEM/કલા ઉત્સવ/૨૦૨૩/ ૪૫૬૮૨-૭૧૦ તા.૨૯/૮/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા તમામ.

પ્રતિ,
(૧) જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા,
જિલ્લા : તમામ.
(૨)એડી.જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર
અને શાસનાધિકારીશ્રી,
અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત કોર્પોરેશન

વિષય : કલા ઉત્સવ ૨૦૨૩-૨૪ના આયોજન અંગે.
સંદર્ભ : (૧) કલા ઉત્સવ ૨૦૨૩-૨૪ ની ગાઈડ લાઈન
(૨) નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મંજુરી અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, એનસીઈઆરટી દ્વારા કલા ઉત્સવ ૨૦૨૩-૨૪ ના આયોજન સંદર્ભે ગાઈડ લાઈન ઈ-મેઈલથી મળેલ છે જે અનુસાર કલા ઉત્સવનું આયોજન કરવાનું થાય છે.

છેલ્લા ત્રણ વર્ષથી રાજયકક્ષાએથી કલા ઉત્સવનું આયોજન જિલ્લા, ઝોન અને રાજય કક્ષા એમ ૩ તબક્કામાં યોજવામાં આવે છે.

ગત વર્ષે જિલ્લા, ઝોન અને રાજયકક્ષાનો કલા ઉત્સવ કોવિડ-૧૯ ની ગાઈડલાઈનનું પાલન કરીને, જે તે સ્તરે ઓફલાઈન મોડથી આયોજિત કરવામાં આવેલ હતો. જયારે નેશનલ કક્ષાનો કલા ઉત્સવ ભુવનેશ્વર, ઓરિસ્સા ખાતે યોજવામાં આવેલ હતો. નેશનલ લેવલના કલા ઉત્સવમાં ડ્રામા(સોલો) એકપાત્રીય અભિનય સ્પર્ધામાં ભાવનગર જિલ્લાની શાળાની વિદ્યાર્થીની બીજા ક્રમે વિજેતા થયેલ છે જે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

કલા ઉત્સવ-૨૦૨૩-૨૪ નું સમગ્ર આયોજન એનસીઈઆરટી, ન્યુ દિલ્હી દ્વારા મળેલ ગાઈડ લાઈન(આ સાથે સામેલ છે)આધારે કરવાનું થાય છે જે માટે જિલ્લાઓને તે ગાઈડ લાઈન આધારે ઉપર દર્શાવેલ વિગતોમાંથી જરૂરી વિગતો તથા નીચે મુજબની વિગતો સમાવિષ્ટ કરીને જિલ્લાઓને જિલ્લાકક્ષા, ઝોનકક્ષા, રાજયકક્ષાનો કલા ઉત્સવનું આયોજન કરવાનું રહેશે.

કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૩-૨૪ :

કલા ઉત્સવનો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓની કલા પ્રતિભાને ઓળખી, તેમને પ્રોત્સાહિત કરી તેમની કલાનું મહત્વ વધારવાનો છે.

કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૩-૨૪ નું મુખ્ય કેન્દ્ર કોઈપણ શૈલીનું લોક પરંપરાગત અને શાસ્ત્રીય કલા સ્વરૂપ રહેશે તથા ગત વર્ષના કલા ઉત્સવમાં નાટક(એક પાત્રીય અભિનય)ની સ્પર્ધાનો સમાવેશ કરવામાં આવેલ છે.

કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૩-૨૪ ને દેશની વિવિધ સાંસ્કૃતિક વિરાસતની ઓળખ, આદાન-પ્રદાન અને અનુભવ કરવા એક ભારત શ્રેષ્ઠ ભારત મંચ બનાવવા માટે, નવી શિક્ષણ નીતિની પરિકલ્પનાને સમાવેશ કરવાનો પ્રયત્ન કરેલ છે તથા નવી શિક્ષણ નીતિ-૨૦૨૦માં શિક્ષણના માધ્યમથી કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા ભાર મુકેલ છે. નવી શિક્ષણ નીતિ અનુસાર "ભારતીય સંસ્કૃતિ અને દર્શન" નો વિશ્વમાં વિશેષ પ્રભાવ છે.

કોઈપણ સરકારી, સરકારી ગ્રાન્ટ ઈન એઈડ અને ખાનગી(નોન ગ્રાન્ટેડ) શાળાના IX, X, XI & XII ના ધોરણના(ધો.૯ થી ધો.૧૨) વિદ્યાર્થીઓ કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૩-૨૪ માં ભાગ લઈ શકશે. નીચે મુજબના વિવિધ સ્વરૂપોનો સમાવેશ આ કૃતિઓમાં કરવામાં આવશે.

શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રાપ્ત એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના ગુજરાત–છત્તીસગઢ [illegible]
લ છે. જેને ધ્યાને લેતાં, આ તમામ કલા સ્વરૂપોમાં સ્પર્ધકો ઇચ્છે તો છત્તીસગઢ રાજ્યના લોક સંગીત, નૃત્યોનો સમાવેશ
પ્રસ્તુત કરી શકશે. આ કિસ્સામાં જિલ્લાએ આ માટે આ બાબતના જાણકાર એક તજજ્ઞને પણ સામેલ રાખવાના રહેશે.

કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૩–૨૪ માં નીચે મુજબના કલા સ્વરૂપો (કેટેગરી) નો સમાવેશ કરેલ છે.

**ા ઉત્સવના ક્ષેત્રો :**

(૧) કંઠ્ય સંગીત (Vocal Music) કલાસીકલ (શાસ્ત્રીય)
(૨) કંઠ્ય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત)
(૩) વાદ્ય સંગીત (Instrumental Music-Percussive) – અવનધ્ધ વાદ્ય
(૪) વાદ્ય સંગીત (Instrumental Music-Melodic) – સ્વર વાદ્ય(તાર/તંત, સુષિર)
(૫) નૃત્ય (Dance Classical) કલાસીકલ (શાસ્ત્રીય)
(૬) નૃત્ય (Dance Traditional Folk) (પરંપરાગત લોકનૃત્ય)
(૭) વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય) 2 D
(૮) વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય) 3 D
(૯) સ્વદેશી રમકડા અને રમતો (Indigenous Toys and Games)
(૧૦) નાટક(એક પાત્રીય અભિનય) Drama (solo Acting)

**કલા ઉત્સવ : કેટેગરી/ વિભાગ પ્રમાણેની વિગતો :**

| ક્રમ | કેટેગરી/વિભાગ | પ્રવેશ | ચોકકસ વિગત |
|---|---|---|---|
| ૧ | કંઠ્ય સંગીત (Vocal Music) કલાસીકલ (શાસ્ત્રીય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ભારતીય કે દક્ષિણ ભારતીય |
| ૨ | કંઠ્ય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત શૈલી) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈપણ બોલી અથવા શૈલી |
| ૩ | વાદ્ય સંગીત (Instrumental Music-Percussive) અવનધ્ધ વાદ્ય | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ભારતીય કે દક્ષિણ ભારતીય |
| ૪ | વાદ્ય સંગીત (Instrumental Music-Melodic) – સ્વર વાદ્ય(તાર/તંત, સુષિર) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈપણ ભારતીય પરંપરાગત સંગીત વાદ્ય |
| ૫ | નૃત્ય (Dance) કલાસીકલ (શાસ્ત્રીય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | શાસ્ત્રીય સ્વરૂપ |
| ૬ | નૃત્ય (Dance) (પારંપરિક લોક નૃત્ય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈપણ રાજ્યના પરંપરાગત લોક નૃત્ય |
| ૭ | વિઝયુઅલ આર્ટ (દ્વિ પરિમાણિય) (2 D) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ચિત્રકામ, પેઈન્ટીંગ અથવા છાપ |
| ૮ | વિઝયુઅલ આર્ટ (ત્રિ પરિમાણિય) (3 D) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | શિલ્પ(મૂર્તિ) |
| ૯ | સ્વદેશી રમકડા અને રમતો (Indigenous Toys and Games) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | પરંપરાગત રમકડાં અને રમતો |
| ૧૦ | નાટક(એક પાત્રીય અભિનય) Drama (solo Acting) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | રાજ્ય/ક્ષેત્રના સમાજ સુધારક, કલાકાર, લેખક, કવિ, વૈજ્ઞાનિક, સ્વતંત્રતા સેનાની, અન્ય વગેરેના જીવન આનુસાંગિક |

કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૩–૨૪ નું આયોજન નીચે મુજબ ચાર સ્તર જેમાં જિલ્લાની સરકારી, સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી(નોન ગ્રાન્ટેડ)શાળાના ધોરણ ૯ થી ૧૨ ના વર્ગના વિદ્યાર્થીઓને સહભાગી કરવાના છે.(દિવ્યાંગ/વિકલાંગ બાળકોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

ચાલુ વર્ષના નેશનલ લેવલના કલા ઉત્સવમાં અગાઉના વર્ષના(પહેલો, બીજો, ત્રીજો નંબર)વિજેતાને સામેલ કરવાના નથી તે જોતાં જિલ્લા, ઝોન અને રાજય કક્ષાના કલા ઉત્સવમાં પણ આ સ્પર્ધકોને સામેલ કરવાના ન હોઈ, આ ચકાસણી જિલ્લા કક્ષાએ કરવાની રહેશે.

નેશનલ લેવલના કલા ઉત્સવમાં રાજય કક્ષાના કલાઉત્સવ પ્રદર્શનની એક વિડીયો ફિલ્મ બતાવવાની છે. જેના અનુસંધાને વિઝયુઅલ આર્ટ (2 D, 3 D, દેશી રમકડા) માં વિડીયો ફિલ્મની સાથે કલાકૃતિઓનો ફોટોગ્રાફ પણ મોકલી આપવા. વિડીયો ફિલ્મ ૨ થી ૩ મિનીટની હોઈ શકે.

**કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૩ ના આયોજનના તબક્કા :**

(૧) પ્રથમ તબક્કો – જિલ્લા કક્ષાની સ્પર્ધા (જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આવેલ એન્ટ્રીના સ્પર્ધકો)

(૨) બીજો તબક્કો – ઝોન કક્ષાની સ્પર્ધા (જિલ્લા કક્ષાની સ્પર્ધાના વિજેતા/સ્પર્ધક)

(૩) ત્રીજો તબક્કો – રાજય કક્ષાની સ્પર્ધા (ઝોન કક્ષાની સ્પર્ધાના વિજેતા/સ્પર્ધક)

રાજયકક્ષાએ વિજેતા થયેલ સ્પર્ધકોને નેશનલ લેવલના ઓફલાઈન કલા ઉત્સવમાં ભાગ લેવા આયોજન મુજબ મોકલવાના રહેશે.

કલા ઉત્સવ કાર્યક્રમનું અમલીકરણ નીચે મુજબ કરવાનું રહેશે.

**કાર્યક્રમનું અમલીકરણ :**

(૧) કોવિડ-૧૯ ની ગાઈડલાઈન(SOP)નું પાલન કરીને, જિલ્લાકક્ષા, ઝોનકક્ષા અને રાજયકક્ષાના કલા ઉત્સવ ઓફ લાઈન માધ્યમથી કરવાનો રહેશે.

(૨) જે તે કક્ષાના કલા ઉત્સવમાં ભાગ લેવા માટેના સભ્યો/શાળાઓને તેમની સ્પર્ધકોની એન્ટ્રી નિયત સમયગાળામાં મોકલી આપવાની રહેશે.

ઉકત તમામ સ્પર્ધાઓમાં રાજયની ધો ૯ થી ૧૨ ધરાવતી તમામ સરકારી માધ્યમિક શાળાઓ, કેજીબીવી, મોડેલ સ્કુલ, મોડેલ સ્કુલ, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓને ડીઈઓ/ડીપીસી મારફતે સત્વરે જાણ કરવાની રહેશે.

વધુમાં શિક્ષકો ધ્વારા પોતાની શાળાના બાળકો પૈકી ઉકત ઈન્વેન્ટમાં સામેલ થવા પ્રોત્સાહિત કરવા પ્રતિ શિક્ષકે અંદાજે ૧૦ બાળકો/વાલીઓના ફોનથી સંપર્ક કરી ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, બીઆરસી/સીઆરસી/બીઆરપી ધ્વારા સંપર્ક કરી આ સંદર્ભે મદદ કરવાની રહેશે.

જિલ્લા અને ઝોનકક્ષાની સ્પર્ધા માટે નોડલ ઓફિસર તરીકે એજયુકેશન ઈન્સ્પેકટર(EI), ડીઈઓ કચેરી તથા જે જિલ્લામાં આસિ. કો.ઓ. સેકન્ડરી હોય ત્યાં તે તથા તે જિલ્લાની સમગ્ર શિક્ષા કચેરીના મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર -કવોલિટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ(ટીટી)સંયુકત રીતે સબ નોડલ ઓફિસર તરીકે રહેશે જે જિલ્લામાં આ જગ્યા ભરાયેલ નથી જિલ્લા સમગ્ર શિક્ષા કચેરીના મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર- કવોલિટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીટી) રહેશે.

**જિલ્લા/ઝોન કક્ષાની સમગ્ર સ્પર્ધાના સુચારુ અમલીકરણ નીચે દર્શાવેલ કમિટી રહેશે.**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કન્વીનર) (૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

(૩) પ્રાચાર્યશ્રી, ડાયટ (૪) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી

જિલ્લા અને ઝોન કક્ષાની સ્પર્ધામાં જે તે લેવલે આવેલ એન્ટ્રીની સંપૂર્ણ ચકાસણી અને સ્પર્ધા સંબંધિત તમામ પૂર્વ તૈયારી તે સ્તરના નોડલ ઓફિસર અને સબનોડલ ઓફિસરના માર્ગદર્શન નીચે નીચે મુજબની સમિતિએ કરવાની રહેશે.

| જિલ્લા ઓઆઈસી | સ્પર્ધા |
|---|---|
| જિલ્લા ઓઆઈસી કયુઈએમ | કંઠ્ય સંગીત (Vocal Music) કલાસીકલ (શાસ્ત્રીય) |
| | કંઠ્ય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત) |
| જિલ્લા ઓઆઈસી આઈઈડી | વાદ્ય સંગીત (Instrumental Music-Percussive) – અવનધ્ય વાદ્ય |
| | વાદ્ય સંગીત (Instrumental Music-Melodic) – સ્વર વાદ્ય(તારતંત, સુષિર) |
| જિલ્લા ઓઆઈસી જેન્ડર | નૃત્ય (Dance) કલાસીકલ (શાસ્ત્રીય) |
| એજયુકેશન | નૃત્ય (Dance) (લોકનૃત્ય) |
| | નાટક (Drama-solo Acting) (એક પાત્રીય અભિનય) |
| જિલ્લા રીસોર્સ પર્સન(એ.એમ) | વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય) |
| | વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય) |
| | દેશી(સ્થાનિક) રમકડા અને રમતો |

| લેવલ | તારીખ | સ્થળ |
| --- | --- | --- |
| જિલ્લાકક્ષા | તા.૦૫.૧૦.૨૩ થી ૦૭.૧૦.૨૩ ઓક્ટોબર | જિલ્લા દ્વારા પસંદગી સ્થળે |
| ઝોનકક્ષા | તા.૧૨.૧૦.૨૩ થી તા.૧૪.૧૦.૨૩ | ઝોનકક્ષાના આયોજિત જિલ્લા દ્વારા પંસદગી સ્થળે |
| રાજયકક્ષા | તા.૦૫.૧૨.૨૦૨૩ થી ૦૭.૧૨.૨૦૨૩ | રાજયકક્ષાના આયોજિત જિલ્લા દ્વારા પંસદગી સ્થળે |

**જિલ્લાકક્ષાની સ્પર્ધા, ઝોનકક્ષાની સ્પર્ધા, અને રાજયકક્ષાની સ્પર્ધા માટે નિષ્ણાંત/ જયુરી :**

- ૩ નિષ્ણાંત/ જયુરી રહેશે જે પૈકી ૧ સભ્ય DIET માંથી રહેશે.

**પ્રત્યેક સ્તરે સ્પર્ધા વાઈઝ ૦૩ તજજ્ઞો/નિષ્ણાંત/જયુરી નીચે મુજબ રહેશે.**

- કંઠય સંગીત (Vocal Music) ક્લાસીકલ (શાસ્ત્રીય), કંઠય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત) માટે ૩ નિષ્ણાંતો રાખીએ. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રહેશે.
- વાદ્ય સંગીત (Instrumental Music-Percussive) – અવનધ્ય વાદ્ય, વાદ્ય સંગીત (Instrumental Music Melodic) – સ્વર વાદ્ય(તાર/તંતુ, સુષિર) માટે ૩ નિષ્ણાંતો રાખીએ. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રહેશે.
- નૃત્ય (Dance) ક્લાસીકલ (શાસ્ત્રીય) અને નૃત્ય (Dance) (લોકનૃત્ય), નાટક(એક પાત્રીય અભિનય) માટે ૦૩ નિષ્ણાંતો રહેશે. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રાખીએ. પસંદિત ૩ તજજ્ઞો નૃત્ય સાથે નાટક અંગેનું બહોળ જ્ઞાન ધરાવતા હોય.
- વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય– 2 D) અને વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય– 3 D) માટે ૩ નિષ્ણાંતો રાખીએ. જેમાં ૧ તજજ્ઞ ડ્રોઈંગ, ૧ પેઈન્ટીંગ અને ૧ તજજ્ઞ પ્રિન્ટ(છાપકામ)રાખવા. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રહેશે.
- સ્થાનિક રમકડા અને રમતો માટે ૩ નિષ્ણાંતો રાખીએ. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રહેશે.

સ્પર્ધાનું સ્વરૂપ :

(૧) જિલ્લાની સ્પર્ધા :

- જિલ્લાકક્ષાની સ્પર્ધા ઓફલાઈન મોડથી યોજવી.
- જિલ્લાકક્ષાની સ્પર્ધા ઉપર દર્શાવેલ ૧ થી ૧૦ ક્ષેત્રોમાં યોજવી.
- જિલ્લાકક્ષાની સ્પર્ધા તા.૦૫ ઓક્ટોબર થી ૦૭ ઓક્ટોબર (સંભવિત )દરમ્યાન જિલ્લાકક્ષાએ યોજવી.જેમાં ૧ દિવસમાં ૨–૩ સ્પર્ધા શક્ય હોય તો યોજી શકાય.અથવા અલગ અલગ ઈન્વેન્ટ માટે બે સેશનમાં પણ યોજી શકાય તે અંગેની શકયતા નોડલ ઓફિસરે ચકાસીને જિલ્લા કક્ષાની સ્પર્ધા માટેની સમિતિના સભ્યોની સલાહ–પરામર્શનમાં ગોઠવવી.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ માટે જિલ્લાના તમામ બ્લોકમાંથી ૧૦ સ્પર્ધા માટે એક કુમાર અને એક કન્યા મુજબ એન્ટ્રી તા.૩,ઓક્ટોબર, ૨૦૨૩ સુધીમાં મંગાવવી. જેમાં તમામ કેટેગરીમાંથી એન્ટ્રી આવે તેવા પ્રયત્ન કરવા.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ માટે તા.૩, ઓક્ટોબર ૨૦૨૩ સુધી આવેલ એન્ટ્રી જિલ્લાકક્ષાએ મળે તેની ચકાસણી કલા ઉત્સવની ગાઈડ આધારે માન્ય કરવા અંગેની કાર્યવાહી જિલ્લાના જે તે સ્પર્ધાની ચકાસણીની કામગીરી સોંપેલ ઓઆઈસીઓએ કરવી.
- તમામ સ્તરની એન્ટ્રીની ચકાસણી તથા અન્ય ટેકનીલક સહયોગ બાબતે જિલ્લા એમઆઈએસ અને બ્લોક એમઆઈએસનો ટેકનીનલ સહયોગ મેળવીને કામગીરી કરવી.

[illegible] તારીખ, સમય અને સ્થળ આપેલ સમય
રતાં એક કલાક પહેલા જરૂરી સાધન–સામગ્રી સાથે પહોંચવા બીઆરસી/સીઆરસી અને શાળા મારફત ૦૩ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં જાણ કરવી.

જિલ્લા કક્ષાની સ્પર્ધા સમયમર્યાદામાં પૂર્ણ કરવી.

જિલ્લા કક્ષાની આયોજિત ૧૦ સ્પર્ધામાં દરેક કેટેગરીમાં પ્રથમ ક્રમે આવનાર એક કુમાર અને એક કન્યાની ઝોનકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવી.

- જિલ્લા કક્ષાએ યોજાયેલ તમામ વિભાગની સ્પર્ધાદીઠ ૩ નિર્ણાયકો હોવા જરૂરી છે.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ તા.૦૫ ઓક્ટોબર થી ૦૭ ઓક્ટોબર(સંભવિત)સુધીમાં પૂર્ણ કરી તેનું પરિણામ સંબંધિત ઝોનના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગરને ઈ–મેઈલ qem gcsess@gujarat.gov.in ને તા.૦૯.૧૦.૨૩ સુધીમાં મોકલી આપવાનું રહેશે. તેમજ સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા કચેરીને સ્પર્ધાના હિસાબોનું માત્ર એકંદર પત્રક મોકલી આપવાનું રહેશે. તથા બચત રકમ પરત જમા કરાવવાની રહેશે. અસલ ફાઈલ જિલ્લા કક્ષાએ જમા રાખીને, જે તે સમયે ઓડીટ કરાવવાનું રહેશે.

(૨) ઝોનકક્ષાની સ્પર્ધા :

- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સ્પર્ધકની યાદી જે તે જિલ્લાએ ઝોનકક્ષાના કલા ઉત્સવ આયોજિત જિલ્લાને મોકલી આપવાની રહેશે. તથા તેની જાણ જે તે સ્પર્ધકને બીઆરસી/સીઆરસી અને શાળા મારફત તા.૦૯.૧૦.૨૩ સુધી જાણ કરવાની રહેશે. તથા તેની યાદી રાજયને પણ મોકલી આપવી.
- ઝોન કક્ષાની સ્પર્ધાઓ દર્શાવેલ તા.૧૨.૧૦.૨૩ થી તા.૧૪.૧૦.૨૩ દરમ્યાન જે તે ઝોનમાં યોજવાની છે. જે ઓફલાઈન મોડથી રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ ઝોન કક્ષાની સ્પર્ધા માટે સ્થળ પસંદગી કરીને તા.૯.૧૦.૨૩ સુધીમાં રાજયકક્ષાએ જાણ કરવાની રહેશે.
- ઝોન કક્ષાએ દરેક વિભાગની તમામ સ્પર્ધાદીઠ ઓછામાં ઓછા ૩ નિર્ણાયકો હોવા જરૂરી છે. જે અન્વયે આ તમામ નિર્ણાયકોની પસંદગી કરી તેની જાણ તા.૯.૧૦.૨૩ સુધીમાં રાજયકક્ષાએ મોકલવાની રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ સહ કન્વીનર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી ઝોન કક્ષાની સ્પર્ધા માટે જરૂર જણાય સહયોગ મેળવી શકશે.
- ઝોન કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં તમામ ઝોન કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સ્પર્ધકની યાદી તા.૧૬.૧૦.૨૦૨૩ના સુધીમાં રાજયકક્ષાએ તથા રાજયકક્ષાના કલા ઉત્સવના આયોજિત જિલ્લાને મોકલવાની રહેશે.જે અંગેની જાણ અત્રેથી કરવામાં આવશે.

(૩) રાજય કક્ષાની સ્પર્ધા :

- ઝોન કક્ષાએથી ૧૦ વિભાગમાં કુમાર અને કન્યા કેટેગીરીમાંથી પ્રથમ પસંદગી પામેલ વિજેતાઓ માટે રાજય કક્ષાની સ્પર્ધા સંભવિત તા.૦૫.૧૨.૨૦૨૩ થી ૦૭.૧૨.૨૦૨૩ દરમ્યાન યોજવામાં આવશે. જે અન્વયે સ્થળની જાણ અત્રેથી કરવામાં આવશે.
- ઝોનકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સ્પર્ધકની જાણ સંબંધિત બીઆરસી/સીઆરસી અને શાળા મારફત તા.૧.૧૨.૨૦૨૩ સુધી કરવાની રહેશે.
- રાજય કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં તમામ રાજય કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સ્પર્ધકની યાદી તૈયાર કરી તેની જાણ સ્પર્ધકને જે તે જિલ્લા મારફત કરવી.

નેશનલ કક્ષાના કલા–ઉત્સવ માટે તૈયાર કરી તેના [illegible]
તારીખ એનસીઈઆરટી તરફથી આવેથી જાણ કરવામાં આવશે.

**રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા :**

આ સ્પર્ધાના આયોજન અંગેની તારીખ, સ્થળ અંગેની જાણ ન્યુ દિલ્લી કક્ષાએથી થયેથી સંબંધિતને જાણ કરવામાં આવશે

જે અન્વયે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થનાર સ્પર્ધકો તથા એસ્કોર્ટ માટે નિયત કરેલ રેલ્વે શ્રેણી/વર્ગ માટેનું રેલ્વે ભાડાચુકવણ એનસીઈઆરટીની સૂચના મુજબ કરવામાં આવશે.નેશનલ લેવલની સ્પર્ધા માટે એનસીઈઆરટી, ન્યુ દિલ્લીની વેબસાઈટ પર સમયાંતરે આ બાબતે અપડેટ મૂકવામાં આવે છે તો તે વેબસાઈટ જોતાં રહેવું.

ઉક્ત બાબતોને આધારે કલા ઉત્સવ–૨૦૨૩–૨૪ના આયોજન સંદર્ભે જિલ્લા, ઝોન અને રાજયકક્ષાની સ્પર્ધા આયોજન માટેની સમગ્ર માર્ગદર્શક સૂચનાઓ તે અંગેની ગાઈડ આધારે તૈયાર કરેલ છે.

**(મહેશ મહેતા)**
**સચિવ અને ઓઆઈસી કયુઈએમ**
**એસપીઓ, સમગ્ર શિક્ષા,**
**ગાંધીનગર**

બિડાણ : (૧) કલા ઉત્સવ–૨૦૨૩ ગાઈડલાઈન
(૨) એનેક્ષર–૧ : સ્પર્ધાની વિગતો અને સમયપત્રક
(૩) એનેક્ષર–૨ : કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

- માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન.એસપીડીશ્રી, સદર કચેરી.
- માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં–૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર

| સ્તર | તારીખ | ઈવેન્ટ કેટેગરી | જ્યુરી/નિર્ણાયક સમિતિ |
|---|---|---|---|
| જિલ્લા કક્ષા | તા. ૦૫ ઓક્ટોબર થી ૦૭ ઓક્ટોબર -૨૩ (સંભવિત) | • કંઠ્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠ્ય સંગીત – (પરંપરાગત) | • શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • વાદ્ય સંગીત – અવનધ્ય વાદ્ય<br>• વાદ્ય સંગીત – સ્વર વાદ્ય (તાર/તંત, સુષિર) | • અવનધ્ય વાદ્ય સંગીત અને તંત/ સુષિર વાદ્યસંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય)<br>• નાટક(એક પાત્રીય અભિનય) | • નૃત્ય/સંગીત/નાટકનું બહોળું જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • વિઝ્યુઅલ આર્ટ (2 D)<br>• વિઝ્યુઅલ આર્ટ (3 D)<br>• દેશી રમકડાં અને રમતો | • આર્ટ અને ક્રાફ્ટનું બહોળું જ્ઞાન અને વિઝ્યુઅલ આર્ટ અંતર્ગત બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત<br>સ્થાનિક રમકડા અને રમતો માટે ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| ઝોન કક્ષા | ૧૨ થી ૧૪ ઓક્ટોબર -૨૦૨૩ (સંભવિત) | • કંઠ્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠ્ય સંગીત – (પરંપરાગત) | • શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • વાદ્ય સંગીત – અવનધ્ય વાદ્ય<br>• વાદ્ય સંગીત – સ્વર વાદ્ય (તાર/તંત, સુષિર) | • અવનધ્ય વાદ્ય સંગીત અને તંત/ સુષિર વાદ્યસંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય)<br>• નાટક(એક પાત્રીય અભિનય) | • નૃત્ય/સંગીત/નાટકનું બહોળું જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • વિઝ્યુઅલ આર્ટ (2 D)<br>• વિઝ્યુઅલ આર્ટ (3 D)<br>• દેશી(સ્થાનિક) રમકડાં અને રમતો | • આર્ટ અને ક્રાફ્ટનું બહોળું જ્ઞાન અને વિઝ્યુઅલ આર્ટ અંતર્ગત બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત<br>સ્થાનિક રમકડા અને રમતો માટે ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| રાજ્ય કક્ષા | ૦૫/૧૨/૨૦૨૩ | • કંઠ્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠ્ય સંગીત – (પરંપરાગત) | • શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | ૦૬/૧૨/૨૦૨૩ | • વાદ્ય સંગીત – અવનધ્ય વાદ્ય<br>• વાદ્ય સંગીત – સ્વર વાદ્ય (તાર/તંત, સુષિર) | • અવનધ્ય વાદ્ય સંગીત અને તંત/ સુષિર વાદ્યસંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | ૦૭/૧૨/૨૦૨૩ | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય)<br>• નાટક(એક પાત્રીય અભિનય) | • નૃત્ય/સંગીત/નાટકનું બહોળું જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | ૦૫/૧૨/૨૦૨૩ થી ૦૭/૧૨/૨૦૨૩ | • વિઝ્યુઅલ આર્ટ (2 D)<br>• વિઝ્યુઅલ આર્ટ (3 D)<br>• દેશી રમકડાં અને રમતો | • આર્ટ અને ક્રાફ્ટનું બહોળું જ્ઞાન અને વિઝ્યુઅલ આર્ટ અંતર્ગત બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત<br>• સ્થાનિક રમકડા અને રમતો માટે ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |

નોંધ : વિઝ્યુઅલ આર્ટ (2 D) , વિઝ્યુઅલ આર્ટ (3 D) અને દેશી રમકડાં અને રમતો આ ત્રણ સ્પર્ધા કલા ઉત્સવની ગાઈડ લાઈન મુજબ ૨ અથવા ૩ દિવસનો સમયગાળો આપવાનો રહેશે.

[illegible]

કલા ઉત્સવની સામાન્ય સૂચનાઓ અને ગાઈડ લાઈન નીચે મુજબ છે તે મુજબ જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ પાલન કરવાનું રહેશે.

- સ્પર્ધાં(ઈવેન્ટ) માટેની સામાન્ય માર્ગદર્શક સૂચનાઓ/ગાઈડલાઈન :

ખાસ નોંધ : તમામ ઈવેન્ટ એકલ (SOLO) જ રહેશે.

(૧) કંઠય સંગીત (SOLO) :

(૧) કંઠય સંગીત (Vocal Music) ક્લાસીકલ (શાસ્ત્રીય) (૨) કંઠય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત)

- પ્રસ્તુતિ માટેના સમયગાળો ૪ - ૬ મિનિટનો રહેશે.
- પોશાકો, સેટિંગ્સ, પોપ્સ અને વસ્તુઓ - સાધનો પ્રસ્તુતિ સંબંધિત હોવા જોઈએ.
- વ્યવસાયિક સંગીતના ગીતોનો પ્રયોગ નિષેધ છે.
- ક્લાસીકલ સંગીતમાં ભારતીય સંગીત સાધન જેમાં તબલા, ઢોલક, નાલ, હારમોનીયમ, કેશીયો, મૃદંગમ વગેરે

મૂલ્યાંકન શીટ : કંઠય સંગીત(ગાયન) - શાસ્ત્રીય સંગીત (એકાંકી) :

| શૈલીની પ્રમાણિકતા/ Style | સૂર | તાલ | ગીતના શબ્દોનું ઉચ્ચારણ | સર્જનાત્મક/ રચનાત્મક | નિયમાવલી અનુસાર પ્રદર્શન | પ્રસ્તુતિ | લેખન અને વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૦૫ | ૧૦૦ |

મૂલ્યાંકન શીટ : કંઠય સંગીત(ગાયન) - પરંપરાગત લોક સંગીત (એકાંકી) :

| શૈલીની પ્રમાણિકતા/ Style | સૂર | તાલ | ઉપભાષાનું ઉચ્ચારણ | વેશભૂષાની ગુણવત્તા | સ્ટેજ સજાવટ અને અન્ય સામગ્રીનો ઉપયોગ | પ્રસ્તુતિ | લેખન અને વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૫ | ૦૫ | ૧૫ | ૦૫ | ૧૦૦ |

(૨) વાદ્ય સંગીત (SOLO) :

(૧) વાદ્ય સંગીત (Instrumental Music-Percussive) – અવનધ્ય વાદ્ય

(૨) વાદ્ય સંગીત (Instrumental Music-Melodic) – વાદ્ય સંગીત – સ્વર વાદ્ય (તાર/તંત, સુષિર)

- અવનધ્ય વાદ્યમાં ભારતીય સંગીત વાદ્ય સામેલ છે. જેમાં મૃદંગમ, તબલા, ઈડક્કા, ઢોલ વગેરે
- વાદ્ય સંગીતમાં સ્વર વાદ્ય (તાર/તંત, સુષિર)વાદ્ય સામેલ છે. જેમાં વાયોલીન, સિતાર, વાસુરી, સરોદ, વીણા, શરણાઈ અને સંતૂર વગેરે
- પ્રસ્તુતિ માટેના સમયગાળો ૪ – ૬ મિનિટનો રહેશે.
- વેશભૂષા અને મંચ સજાવટ પ્રસ્તુતિ સંબંધિત હોવા જોઈએ.
- ઈલેક્ટ્રોનિક/પ્રોગ્રામેડ સંગીત વાદ્યના સાધનોને મંજૂરી આપવામાં આવશે નહી.

મૂલ્યાંકન શીટ :

વાદ્ય સંગીત (Instrumental Music-Percussive) – અવનધ્ય વાદ્ય (એકાંકી) :

| સુર/તાલ | બંદિશ | વાદન શૈલી | સર્જનાત્મકતા | લય/તાલ | સંપૂર્ણ પ્રસ્તુતિ | લેખન અને વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૨૦ | ૧૫ | ૦૫ | ૧૦૦ |

મૂલ્યાંકન શીટ :

વાદ્ય સંગીત (Instrumental Music-Melodic) – વાદ્ય સંગીત – સ્વર વાદ્ય (તાર/તંત, સુષિર) (એકાંકી) :

| સુર/તાલ | બંદિશ | વાદન શૈલી | સર્જનાત્મકતા | લય/તાલ | સંપૂર્ણ પ્રસ્તુતિ | લેખન અને વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૨૦ | ૧૫ | ૦૫ | ૧૦૦ |

-1(UULU) :

(૧) નૃત્ય (Dance) ક્લાસીકલ (શાસ્ત્રીય)        (૨) નૃત્ય (Dance) (લોકનૃત્ય)

- પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૪–૬ મિનિટનો રહેશે.
- શાસ્ત્રીય નૃત્યની પ્રસ્તુતિની શૈલીમાં ભારત નાટયમ,છઉ, કથક, સત્તરિયા, કુચિપુડી, ઓડિસી,મોહિનીઅટ્ટમ, કથકલી અને મણીપુરી નૃત્ય રહેશે.
- પારંપરિક લોકનૃત્યની શ્રેણીમાં કોઈપણ પ્રાંત/પ્રદેશનું પારંપરિક લોક નૃત્ય રહેશે.
- નૃત્યની પ્રસ્તુતિ કોઈપણ શ્રેણી/પ્રકારની પારંપરિક/શાસ્ત્રીય/લોક/સમકાલીન હોઈ શકે છે.
- સહાયક સંગીત લાઈવ અથવા રેકોર્ડ કરેલ ઉપયોગમાં લઈ શકાશે.
- પોશાક અને મેકઅપ સરળ, અધિકૃત, વિષયવસ્તુ અને પ્રસ્તુતિને અનરૂપ હોવ જોઈએ.
- મંચ, વેશભૂષાની વ્યવસ્થા રાજય/સંઘ શાસિત પ્રદેશે કરવાની રહેશે.

**મૂલ્યાંકન શીટ : નૃત્ય –શાસ્ત્રીય (એકાંકી) :**

| શૈલીની પ્રમાણિકતા/ Authenticity of Style | વિવેચના (Deliberation) | હાવ ભાવ (Expression) | સંગીત | રચનાત્મકતા | મેકઅપ | પોશાક (વેશભૂષા) | મંચ સજ્જા | સંપૂર્ણ પ્રસ્તુતિ | લેખન અને વિડીયો | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૦ | ૧૨ | ૦૨ | ૧૦ | ૦૫ | ૧[illegible] |

**મૂલ્યાંકન શીટ : નૃત્ય –પરંપરાગત (એકાંકી) :**

| શૈલીની પ્રમાણિકતા/ Authenticity of Style | વિવેચના (Deliberation) | હાવ ભાવ (Expression) | સંગીત | રચનાત્મકતા | મેકઅપ | પોશાક (વેશભૂષા) | મંચ સજ્જા | સંપૂર્ણ પ્રસ્તુતિ | લેખન અને વિડીયો | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૦ | ૧૨ | ૦૨ | ૧૦ | ૦૫ | ૧[illegible] |

(૪) વિઝયુઅલ આર્ટ અને દેશી(સ્થાનિક)રમકડાં અને રમતો :

(૧) વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય– 2 D ) (૨) વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય– 3D )

(૩) દેશી(સ્થાનિક) રમકડા અને રમતો

સામાન્ય સૂચનાઓ :

- દ્રશ્ય કલા(દ્વિ–આયામી)માં કોઈપણ કલાકાર્ય જેની સાથે ચિત્રકલા શબ્દ જોડાયેલ છે તેને દ્વિ–આયામી કલાકાર્ય જ માનવામાં આવશે. ઉદાહરણ તરીકે દ્વિ–આયામી, ત્રિ–આયામી ચિત્રકલા ચટ્ટાન અને દિવાલ પર ચિત્રણ, ફર્શ એવં ગ્રાઉન્ડ પર કરેલ ચિત્રણ વગેરે.
- ત્રિ આયામી( વિઝયુઅલ આર્ટ વર્ક–3D) શિલ્પકલામાં પર્યાવરણ અનરૂપ સામગ્રીનો ઉપયોગ અનિવાર્ય છે.
- ભાગ લેનાર તે/તેણીને નેશનલ કક્ષાની સ્પર્ધા દરમ્યાન તેમનું આર્ટવર્ક જે તે સ્થળે ચોકકસ સમય મર્યાદામાં શરૂ કરી પૂર્ણ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.
- દ્રશ્યકલા સ્પર્ધા(વિઝયઅલ આર્ટ વર્ક–2 D, વિઝયુઅલ આર્ટ વર્ક–3D અને દેશી રમકડા)માં તેમનું કાર્ય અને કલાકૃતિઓને પૂર્ણ કરવા માટે ૩ દિવસનો સમય આપી શકાશે. સ્પર્ધક ૨ દિવસમાં કાર્ય પૂર્ણ કરી શકશે.
- નોડલ અધિકારી પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે આ સ્પર્ધાના ત્રીજા દિવસે તૈયાર થયેલ ફાઈનલ કલાકૃતિને વેબસાઈટ પર અપલોડ કરે.
- સ્પર્ધકોને તેની પસંદગીની કોઈપણ સામગ્રી/માધ્યમનો ઉપયોગ કરવા માટે છૂટ રહેશે.
- સ્પર્ધકોએ જયુરી સાથે ઓનલાઈન ક્રિયા–પ્રતિક્રિયા માટે ઉપલબ્ધ રહેવાનું રહેશે. જયુરી બન્ને દિવસ સહભાગીઓના કાર્યનું ઓનલાઈન નિરીક્ષણ અને તેમની સાથે વાતચીત કરતા રહેશે.
- કલા સામગ્રીની વ્યવસ્થા રાજયના અધિકારી દ્વારા કરી શકાશે.
- વિઝયુઅલ આર્ટ વર્ક –2 D, વિઝયુઅલ આર્ટ વર્ક –3D અને દેશી રમકડાનું કદ વ્યકિતગત આવશ્યકતા મુજબ નકકી કરી શકાશે.સ્પર્ધક એવી કૃતિ યા આકૃતિની પસંદગી કરે કે જેથી તે ૩ દિવસમાં પૂર્ણ થઈ શકે.
- દેશી રમકડાઓ બનાવનાર સ્પર્ધક પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દેશી રમકડાની કાર્યાત્મક ચોકસાઈ અને તેની મૂળ ડિઝાઈન પર ધ્યાન કેન્દ્રિત કરે.

[illegible]

કથા-વાર્તાઓ, લોકકથાઓ કે જે નૈતિક મૂલ્યોમાં વૃદ્ધિ કરવામાં મદદ કરે છે.

રમકડાં બનાવવામાં ઉપયોગમાં લેવાતી સામગ્રી મૂળ રમકડાની પુનઃ ઉત્પાદન જેવી જ હોવી જોઈએ. જો રમકડામાં મૂળરૂપ વપરાયેલી સામગ્રી ઉપલબ્ધ ન હોય અથવા પ્રતિબંધિત હોય તો, સહભાગી(સ્પર્ધક) સ્થાનિક રીતે ઉપલબ્ધ ઇકોફ્રેન્ડલી સામગ્રીનો ઉપયોગ કરી શકશે. પહેલાથી બનાવેલી કૃતિને અનુમતિ આપવામાં આવશે નહી.

નોડલ અધિકારીને વિનંતી કરીએ કે તેઓ તેમની સાથે તમામ નિર્માણ પ્રક્રિયાની રેકોર્ડિંગ કરીને તેમની પાસે ઉપલબ્ધ રાખશે જેથી જયરી અથવા આયોજકોને જરૂર પડે તે ઉપલબ્ધ કરાવશે.

## મૂલ્યાંકન શીટ : વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય– 2 D) :

| શૈલી | બંધિશ/ રચના | મૌલિકતા | શુધ્ધતા/ બારીકાઈ | ટેકનીક | સમગ્ર છાપ | પ્રસ્તુતિ / વર્ણન | લેખન અને વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૫ | ૦૫ | ૧૦૦ |

## મૂલ્યાંકન શીટ : વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય– 3 D)

| શૈલી | પ્રોડકટની ઉપયોગિતા | મૌલિકતા | શુધ્ધતા/ બારીકાઈ | ટેકનીક | સમગ્ર છાપ | પ્રસ્તુતિ /વર્ણન | લેખન અને વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૫ | ૦૫ | ૧૦૦ |

## મૂલ્યાંકન શીટ : સ્થાનિક રમકડાં અને રમત

| અનુભવ | ઉપયોગિતા/ ઉત્પાદન અને મૂલ્ય | મૌલિકતા/પ્રાંસગિક રચનાત્મકતા | શુધ્ધતા/ બારીકાઈ | ટેકનીક/ કૌશલ્ય | સમગ્ર છાપ | પ્રસ્તુતિ /વર્ણન | લેખન અને વિડીયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૫ | ૦૫ | ૧૦૦ |

નોંધ : સ્થાનિક રમકડાં અને રમતને પ્રોત્સાહન આપવા માટે માન. પ્રધાનમંત્રીશ્રીએ "મન કી બાત" કાર્યક્રમમાં ખાસ નિવેદન કરેલ છે. જેને ધ્યાને લેવા વિનંતી છે(જેમાં સ્થાનિક રમકડાં, કઠપૂતળી/પપેટ વગેરે.)

## (૫) નાટક (SOLO)એક પાત્રીય અભિનય :

- નાટક(એક પાત્રીય અભિનય) માટે રાજય અથવા જે તે ક્ષેત્રના કોઈપણ પ્રસિધ્ધ વ્યકિતત્વ જેવા કે સમાજ સુધારક, કલાકાર, લેખક, કવિ, વૈજ્ઞાનિક, સ્વતંત્રતા સેનાની વગેરેના જીવનની ઝાંખી પ્રસ્તુત કરી શકશે.
- પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૬–૮ મિનિટનો રહેશે.
- મંચ સજાવટ તથા તેને દૂર કરવા માટે વધારાની ૧૦ મિનિટ આપવાની રહેશે.
- પ્રદર્શન જે તે ક્ષેત્ર/વિસ્તારની કોઈપણ ભાષા અથવા બોલીમાં રજૂ કરી શકાશે.
- વેશભૂષા, મંચ સજાવટ અને જરૂરી વસ્તુઓની વ્યવસ્થા જે તે સ્પર્ધકની ટીમ ધ્વારા સ્વયં કરવાની રહેશે.
- પ્રાશ્ચ સંગીત માટે કોઈ ટ્રેક અથવા રેકોર્ડનો ઉપયોગ કરી શકાશે.

## મૂલ્યાંકન શીટ : નાટક (એક પાત્રીય અભિનય) :

| વિષય | ભાષ્ય/ બોલી | સંચાર કૌશલ્ય/ અભિવ્યકિત | મંચ સજાવટ | પોશાક અને /મેકઅપ | સંપૂર્ણ પ્રસ્તુતિ | લેખન અને વીડિયો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૫ | ૧૦૦ |

ખાસ નોંધ : ઉપરોકત ગુજરાતી માર્ગદર્શિકા સરળતા ખાતર આપવામાં આવેલ છે. કોઈપણ તબક્કે આવશ્યક/અંતિમ નિર્ણય માટે NCERT ધ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા/ગાઈડલાઈન (હિન્દી અને અંગ્રેજી) ધ્યાને લેવાની રહેશે. જે NCERT ની વેબસાઈટ www.kalautsav.in પર ઉપલબ્ધ છે.

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેક્ટર–૧૭, ગાંધીનગર
વેબસાઈટ : www.ssagujarat.org
ઈ–મેલ : qem-gcsess@gujarat.gov.in

પત્રકમાંક : એસએસ/QEM/કલા ઉત્સવ/૨૦૨૩/ ૪૬૪૭૯–૫૪૯ તા. ૩૦/૯/૨૦૨૩

**સુધારો**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા તમામ.

પ્રતિ,
(૧) જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા,
જિલ્લા : તમામ.
(૨) એડી.જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર
અને શાસનાધિકારીશ્રી,
અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત કોર્પોરેશન

વિષય : કલા ઉત્સવ ૨૦૨૩–૨૪ના આયોજન અંગે.
સંદર્ભ: અત્રેનો પત્રક્રમાંક : એસએસ/QEM/કલા ઉત્સવ/૨૦૨૩/૪૫૬૮૨–૭૪૮ તા.૨૯/૦૯/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કલા ઉત્સવ–૨૦૨૩–૨૪ ના આયોજન અંગે વિગતવાર માર્ગદર્શક સુચના જરૂરી ગાઈડ લાઈન સાથે અત્રેના સંદર્ભપત્રથી મોકલી આપવામાં આવેલ છે.

આ બાબતે મોટાભાગના જિલ્લાઓ તરફથી જણાવ્યા મુજબ આગામી તા.૦૩ ઓક્ટોબરથી તા.૧૬ ઓક્ટોબર દરમ્યાન ધોરણ–૯ થી ૧૨ ની પ્રથમ પરીક્ષાનું આયોજન થયેલ છે. જેને ધ્યાને લેતાં, કલા ઉત્સવના સુચારૂ આયોજન અને અમલીકરણ અન્વયે જિલ્લા કક્ષા અને ઝોન કક્ષાના કલા ઉત્સવની તારીખમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે તે મુજબના સમયગાળામાં જે તે સ્તરના કલા ઉત્સવનું આયોજન કરવા સબંધિતોને જાણ કરવાની રહેશે.

**જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ :– તા.૧૮/૧૦/૨૦૨૩ થી તા.૨૦/૧૦/૨૦૨૩**

**ઝોન કક્ષાનો કલા ઉત્સવ :– તા.૨૬/૧૦/૨૦૨૩ થી તા.૨૮/૧૦/૨૦૨૩**

નોંધ : જે તે સ્તરનો કલા ઉત્સવ પૂર્ણ કર્યાબાદ તેની વિગતો/માહિતી જે તે કક્ષાએ મોકલવાની કાર્યવાહી કાર્યક્રમ પૂર્ણ થયાબાદ મહત્તમ ૩ દિવસમાં કરવાની રહેશે. તે મુજબની જાણ સંબંધિતો સહિત તમામ કક્ષાએ કરવી.

RMSA 4612 3/10

(મહેશ મહેતા)
સચિવ અને ઓઆઈસી ક્યુઈએમ
એસપીઓ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર